**<u>સાવલીના મે. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુ.સાવલી.</u>**

**<u>ક્રિ.કેસ.નં.૨૩૫૨/૨૦૨૨</u>**
**આંક–૦૯**

ફરીયાદી :– શ્રી સરકાર.....

વિ.

આરોપી :– **સ્મિતાબેન વા/ઓ મનોજભાઈ ભીખાભાઈ ભોઈ**
**રહે.પોઈચા (રા),તા. સાવલી, જી.વડોદરા.**

<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબ.</u>

–: <u>ઠ રા વ</u> :–

(૧) ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપીએ **તા.૨૭/૧૦/૨૦૨૨** ના રોજ કલાક **૧૫:૩૦** વાગ્યે પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ લીટર–**૦૨** કિંમત રૂા.**૪૦/–** નો ગે.કા.નો રાખી, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫–એએ મુજબનો ગુનો કરેલ હોઈ તે અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપી ઉપર ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦ હેઠળ તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે તેમજ હવે પછી આવી ભુલ નહીં કરવાની ખાત્રી આપી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબૂલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામા આવેલ છે.

(૩). આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનાં ગુન્હાનુ તહોમત છે. તેમજ સદર ગુનાની જોગવાઈ જોતાં તેમાં અમુક સમયથી ઓછી નહી તેટલી સજા ફરમાવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોય તે ઘ્યાને લેતાં તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ તેમની રજુઆતો ઘ્યાને લેતાં આરોપી ગરીબ અને મઘ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા અસમર્થ જણાતા હોય તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. જેથી જો આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવાના બદલે નીચે મુજબ સજા કરવાનુ ન્યાયી અને ઉચિત માનું છું અને ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

આ કામના આરોપી **સ્મિતાબેન વા/ઓ મનોજભાઈ ભીખાભાઈ ભોઈ રહે.પોઈચા (રા), તા.સાવલી, જી.વડોદરા.**વાળાનેક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે તેની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) દંડ અને દંડની રકમ ના ભરે તો દિન–૦૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.સાવલી.
તા.૧૧/૦૨/૨૦૨૩

**(નૌશાદ વી. પઠાણ )**
**જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,સાવલી.**
**કોડ: જીજે ૦૧૪૧૩**

કે. કે.પરમાર/પી.એ.